| Innovation ID | DTP0010000002795 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | બોરડી(Zizyphus jujuba)માં આવતી જીવાત કે ફુદીના નિયંત્રણ માટે | |
| Category | પાક સંરક્ષણ | |
| Notebook Number | Lok(૩)૬, Dec.-૧૯૯૮, Pg.No.-૫ | |
| Brief | બોરડી(Zizyphus jujuba)માં આવતી જીવાત કે ફુદીના નિયંત્રણ માટે તુલસી(Oscimum sanctum)નો છોડનો ઉપયોગ | |

**Detail**

બોરડીના ફળમાં ફૂદી દાખલ થઇ અને ઈયળ અવસ્થામાં ફળમાંથી માવો ખાય છે. અને કાણુ પાડી બહાર નીકળી જાય છે. તેથી બોર સડી જાય છે.
બોરડી (Zizyphus jujuba)ના ફળમાં ફૂદીનાનિયંત્રણ માટે સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના રવિપુરા ગામના સવજીભાઇ મેઘજીભાઈ પટેલ તુલસી ના છોડનો ઉપયોગ કરે છે.
બોરડીના છોડની બાજુમાં ૨ ફૂટના અંતરે તુલસી (Oscimum sanctum)નો છોડ વાવવાથી ફૂદી તુલસીના છોડ પર બેસી તેમાંથી રસ ચૂસે છે. ખેડૂતના જણાવ્યા મુજબ તુલસીનો રસ ચુસવાથી ફૂદી નપુંસક બની જાય છે. તેથી તેમનો વંશવેલો આગળ વધતો અટકી જાય છે. અને બોરડીના ફળ સડતા અટકે છે.
ખેડૂતના જણાવ્યા અનુસાર તેઓ બે વર્ષથી આ પધ્ધતિનો ઉપયોગ કરે છે.
નેપ્રાલર્ટ ડેટાબેઝ અનુસાર તુલસીની સુગંધથી માખીને જીવજંતુ આકર્ષાય છે. તેમજ તેના રસમાં રહેલ યુજીનોલ તત્વથી જંતુનો નાશ થાય છે.

બકરીના પગમાં જીવાત પડે તો લીમડાનું તેલ ચોપડેલ તેનાથી જીવાત પડતી નથી તે પ્રયોગ કરેલ છે.

(નોંધઃ આ પદ્ધતિનું પી.આઈ.સી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૦૫માં મહેશ પરમારે કરેલ છે.)

(નોંધઃ- રીચેક -નરસિંહ પરમાર)
ઉત્તરદાતા રવિપુરા કંપા ગામથી સ્થળાંતર કરી અન્ય જગ્યાએ નિવાસ કરે છે તેથી મલેલ નથી. પરંતુ સ્થાનિક નિવાસ કરતા પટેલ ચંદુબાઈના જણાવ્યા મુજબ સવજીભાઇ પટેલ પાસે પોતાની જમીન ન હતી. પરંતુ તેઓ પ્રયોગ કરતા અને તેમના અનુભવો પરથી માહિતી આપેલ.
- હાલમાં બોરડીનું વાવેતર રવિપુરા કંપામાં કે નજીકના વિસ્તારમાં થતુ નથી. તેથી અન્ય લોકો પાસે પદ્ધતિ વિશેની જાણકારી નથી.
- ઉત્તરદાતા સેન્ટિંગનો ધંધો કરવા બહાર ૩ વર્ષથી ગયેલ છે અને વિશેષ ખેતીમાં ધ્યાન આપતા નથી. તેમ ચંદુભાઈ પટેલ જણાવે છે. -
- મોબાઈલ - ૯૯૨૫૯૬૯૪૨૧

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | તુલસી(Oscimum sanctum)નો છોડ |
| IPR Status | |
| Keywords | તુલસી, Oscimum sanctum, છોડ, બોરડી, Zizyphus jujuba, જીવાત, ફુદી, ઈયળ, સાબરકાંઠા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૫૮ | Member Type | Scout | | |
| First Name | બાબુભાઈ | Middle Name | હિરાભાઈ | Last Name | ભાંભી |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | ગુંદેલ | Taluka | ખેડબ્રહ્મા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૩૯ | Member Type | Innovator | | |
| First Name | સવજીભાઈ | Middle Name | મેઘજીભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. રવિપુરા કંપા, પો. મેઘ | Taluka | ઈડર | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતાની ઉંમર ૫૯ વર્ષની છે. તેમની પાસે જમીન નથી. સેન્ટ્રીગનો ધંધો છે. તેમની ૩ ભાઈ છે. ૧૬ વર્ષના હતા ત્યારથી આ ધંધો છે. તેમની ૪ દિકરી છે. દિકરો નથી.<br><br>ગામનો પરિચય:-<br>આ ગામમાં ૪૦ ઘર છે. ગામમાં મુખ્યત્વે પટેલની જ્ઞાતિના લોકો વસે છે. ગામમાં પ્રાથમિક શાળા, દૂધ ડેરી, સેવા મંડળી આવેલ છે. વડાલીથી ૧૦ કિલોમીટર આવેલ છે. | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૭૦૭૬ | Member Type | Verifier | | |
| First Name | નરસિંહભાઈ | Middle Name | બી | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ધુળકોટા, પો. સિસોદરા | Taluka | મેઘરજ | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002910 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | દ્રાક્ષ(Vitis vinifera)ની બિનરાસાયણિક ખેતી પદ્ધતિ. |
| Category | જૈવિક -સજીવ કૃષિ |
| Notebook Number | Lok(૬)૧-૨, Jan-Apr-૨૦૦૧, Pg No. ૬ |
| Brief | દ્રાક્ષ(Vitis vinifera)ની બિનરાસાયણિક પદ્ધતિએ ખેતી વિકસાવવા અને રોગ જીવાતના નિયંત્રણ માટે લીમડા(Azadirachta indica)ના પાનનો રસ, ખાટી છાશ અને ગૌમૂત્રનો છંટકાવ કરવો. |

**Detail**

(આ પદ્ધતિની પુનઃ તપાસ હસમુખ ટી. પટેલે સાબલવા કંપા ગામમાં જઈને જુલાઈ ૨૦૦૪માં કરેલ છે. જે પૂર્ણ રૂપે સાચી છે.)

ઈડર પાસેનાં સાંબલવાડ કંપાના બાબુભાઈ જોઈતાભાઈ પટેલએ બિન રાસાયણિક પદ્ધતિએ દ્રાક્ષ(Vitis vinifera)ની ખેતી કરી નવો ચીલો ચાતર્યો છે. બાબુભાઈના જણાવ્યા પ્રમાણે તા. ૨૫-૧૨-૯૫ના રોજ દ્રાક્ષના ૭૦૦ છોડનું વાવેતર ૯ x ૫ ફૂટના અંતરે કર્યું હતું. શરૂઆતથી રસાયણો ન વાપરવા મન મક્કમ હતું. રોગ-જીવાતથી પાકને રક્ષણ આપવા લીમડાના પાનનો રસ તથા લીંબોળી(Azadirachta indica)ના તેલનો ઉપયોગ કર્યો હતો. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ઉત્સાહજનક પરિણામ જોવા મળ્યા હતા. ૧૯૯૭માં ૫૦૦ કિલો, ૧૯૯૮માં ૨૦૦૦ કિલો, ૧૯૯૯માં ૪૦૦૦ કિલો ઉત્પાદન મળ્યું હતું.

રસાયણમુક્ત આ પેદાશો અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે મહાદેવભાઈ, પાલડી ખાતે વરધીભાઈ ઠક્કર તથા વડોદરા સ્થિત જતન સંસ્થા દ્વારા થોડા-થોડા પ્રમાણમાં વેચાણ થયું. ઘણું ખરું વેચાણ સ્થાનિક રીતે થયું. સજીવ ખેતીની મીઠાશ બજારની દ્રાક્ષ કરતાં અનેકગણી વધુ છે તે અનુભવ ગ્રાહકને થતાં હવે મારે બજાર શોધવા જવું પડતું નથી. પરંતુ ગ્રાહક મારા ઘરે આવી લીલી દ્રાક્ષ ૩૦ રૂ. કિલો અને કાળી દ્રાક્ષ ૪૦ રૂ. કિલોના ભાવે ખરીદી જાય છે.

અર્ક બનાવવાનું યંત્ર
બાબુભાઈએ પોતાની કોઠાસૂઝથી જૂની મોનોબ્લોક મોટરને ચાર ઈંચની સાફટીંગ બેસાડી એક ફૂટ લાંબી બેન્જાની કટર લગાડી આ યંત્રને ચિત્રમાં બતાવ્યા મુજબ બંધ મોં વાળા ૫૦ લિટરની ક્ષમતાવાળા પીપમાં ગોઠવણ કર્યું છે. હવે તેઓ ૨૦૦ લિટરના પીપમાં આ યંત્ર ગોઠવવાનું આયોજન કરી રહ્યા છે. જેનાથી વધુ જથ્થામાં વિવિધ વનસ્પતિનો અર્ક સહેલાઈથી નીકળી જાય છે.

લૂમની વૃદ્ધિ માટે
૧૫ લિટર પાણીમાં એક લિટર વાસી ખાટી છાશ તથા ૫૦૦ ગ્રામ લીમડા(Azadirachta indica)નો રસ તથા ગૌમૂત્ર ૧ લિટર મિશ્ર કરી દસ દસ દિવસે છંટકાવ કરવાથી રોગ જીવાતનો ઉપદ્રવ થતો નથી તેમજ છોડ તથા લૂમનો વિકાસ સારો થાય છે તથા દ્રાક્ષના છોડની પ્રતિકારક શક્તિ વધે છે. શ્રી બાબુભાઈના અનુભવ મુજબ શરૂઆતમાં ધીરજ રાખવાથી સજીવ ખેતીથી સારા પરિણામો મેળવી શકાય છે.

(રિચેક કર્યા બાદ મળેલ માહિતી)
પટેલ બાબુભાઈ જોયતાભાઈ (સાબલવાડ કંપા)
બે વર્ષ પહેલો માંડવો કાઢી નાખેલ છે.
હાલમાં કોઈ સજીવ ખેતી કરતા નથી.
અગાઉના વર્ષે ખાટી છાશને ૬૦ દિવસ ઢાંકી રાખી કપાસમાં જીવાત નિયંત્રણ માટે છાંટેલી. પ્રયોગ સફળ રહેલો.
હાલમાં ગામમાં કોઈ સજીવ ખેતી કરતુ નથી.

(આ પદ્ધતિનું પી.આઈ.સી. મહેશ કે પરમારે ઓગષ્ટ ૨૦૦૪માં કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)
(નોંધ- ત્રણ વર્ષથી દ્રાક્ષનું વાવેતર કરતા નથી. વાતાવરણ ના લીધે દ્રાક્ષ જોઈએ તેટલી બેસતી ન હોવાથી માંડવો કાઢી નાખી હાલ તેઓ કપાસની ખેતી કરે છે.)

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | લીમડા(Azadirachta indica)ના પાનનો રસ, ખાટી છાશ, ગૌમૂત્ર |
| IPR Status | |
| Keywords | લીમડો, Azadirachta indica, પાન, રસ, ખાટી, છાશ, ગૌમૂત્ર, દ્રાક્ષ, Vitis vinifera, બિનરાસાયણિક, ખેતી, સાબરકાંઠા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૮૧૮ | Member Type | Innovator | | |
| First Name | બાબુભાઈ | Middle Name | જોઈતાભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સાબલવા કંપા (જનકપુર), પો. કાવા | Taluka | ઈડર | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | બાબુભાઈ પટેલની ઉમર ૪૨ વર્ષ છે. તેઓ બી.કોમ. સુધી ભણેલા છે. તેમને બે બેબી અને એક બાબો છે. જેમાં જીજ્ઞાસાબેન ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહમાં ૧૬ જીલ્લામાં પ્રથમ આવેલ છે. તેમની પાસે ૧૫ એકર પિયત વાળી જમીન છે. ત્રણ ગાય અને એક ભેંસ શંકર એચ.એફ. રાખે છે. તેઓ કપાસ, ઘઉનું વાવેતર કરે છે.<br><br>ગામનો પરિચય-<br>ગામમાં ૭૦ ઘર પટેલના અને ૨૦ ઘર હરિજનના છે. ગામમાં પ્રાથમિક શાળા છે. ઇડર ૯ કિલોમીટર દૂર છે. | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૧૬૦ | Member Type | Verifier | | |
| First Name | હસમુખભાઈ | Middle Name | તળશીભાઈ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ચિત્રોડા | Taluka | ઈડર | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |